## સંક્ષિપ્ત સમાચાર

### ડભોઇ હીરાભાગોળ રોડ પર સાઈબાબા મંદિરના નિર્માણ દિવસે શોભાયાત્રા નીકળી



**ડભોઇ :** ડભોઇ હીરાભાગોળ રોડ વકીલ બંગલા પાસે આવેલ સાઈબાબા મંદિરના નિર્માણ દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને સુંદર ભંડારોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજયા દશમીના પાવન દિવસે ડભોઇ હીરાભાગોળ રોડ વકીલ બંગલા પાસે આવેલા સાઈબાબાના મંદિરનો નિર્માણ દિવસ પ્રસંગે કલ્પેશભાઇ ઠાકર પ્રકાશભાઈ ચૌહાણ દીપકભાઈ ગજ્જર જગદીશભાઈ મોચી કુણાલભાઈ મિસ્ત્રી વિગેરે ભક્તો દ્વારા ભવ્ય શોભા યાત્રાનો આયોજન કરવામાં આવ્યું હતું આ શોભાયાત્રા સાઈબાબાના મંદિરથી સાઈબાબા ની મૂર્તિને પાલખીમાં બિરાજમાન કરી ભારત ટોકીઝ જૈન વાગા સોની વાગા ખરાદીવગા લાલ બજાર થઈ પરત મંદિરે શોભાયાત્રા ગરબાની રમઝટ સાથે વાજતેગાજતે પહોંચી હતી જ્યાં ધાર્મિક પરંપરા મુજબ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો અને ત્યારબાદ ભંડારા નો લાવવો તમામ ભક્તોએ મોટી સંખ્યામાં લીધો હતો...

### શિનોરના પુનિયાદ ગામે સતત 19માં વર્ષે સાઇબાબાની પાલખી યાત્રા યોજાઇ



**શિનોર :** શિનોર તાલુકાના પુનિયાદ ખાતે શ્રી સાઇબાબા ની પૂણ્ય તિથી મહોત્સવ ને મનાવતા,શ્રી સાઇ પરિવાર પુનિયાદ ધ્વારા સતત 19 મા વર્ષે શ્રી સાઇબાબા પાલખી યાત્રા યોજાઈ હતી. મહારાષ્ટ્ર રાજ્યનું શિરડી શ્રીસાઇબાબાનું ધામ, દેશ- વિદેશમાં વસતા લાખ્ખો સાઇપરિવારોની અતૂટ શ્રધ્ધા સાથે જોડાયેલુ ધામ છે..1918 ની 15 ઓકટોબરે દશેરાના દિવસે બપોરના અઢી કલાકે, બાબા એ દેહ ત્યાગ કરી મહાસમાધી લીધી હતી..ત્યારથી શિરડી ધામમાં બાબા ની પૂણ્ય તિથી મહોત્સવ ને ભારે ધૂમધામ અને અતૂટ શ્રધ્ધા સાથે મનાવાય છે.. શિરડી થી દૂર વસતા સાઇ પરિવારો, શિરડી માં મનાવાતા મહોત્સવોને પોતાની રીતે મનાવી બાબા પ્રત્યેની શ્રધ્ધા વ્યક્ત કરતા હોય છે..ત્યારે શિનોર તાલુકા પુનિયાદ ગામે, સાઇ પરિવાર ધ્વારા,દશેરા ના દિવસે બાબા ની પાલખીયાત્રા યોજી,સાઇબાબાના પૂણ્ય તિથી મહોત્સવ ને મનાવાય છે. જે પરંપરા મુજબ સતત 19 મા વર્ષે યોજાયેલી પાલખી યાત્રા પ્રવિણ ત્રિકમભાઇ પટેલ ના ઘરે થી નિકળી હતી.

### ડભોઈ તાલુકાના છત્રાલની ગ્રામ સભામાં ભ્રષ્ટાચારને લઈ ગ્રામજનોની ઉગ્ર રજૂઆત



**ડભોઇ :** ડભોઇ તાલુકાના છત્રાલ ગ્રામ પંચાયત ની આજ ની ગાંધીજયંતિ ની ગ્રામ સભા સમય કરતાં મોડી શરૂ કરવામાં આવી હતી જેમાં ગ્રામ જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગ્રામ જનો દ્વારા છત્રાલ ના મનરેગા અને વિકાસ ના કામો ની ગેરરીતિ ને લઈ તાલુકા વિકાસ અધિકારી થી માંડી જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સુધી રજૂઆત કરવા છતાંય ભ્રષ્ટાચાર કરનાર ખુલ્લા ફરતા હોવાને લઇ ગ્રામ જનો મા નારાજગી જોવા મળે છે ડભોઇ ના છત્રાલ ની ગ્રામ સભા માં પીવા ના પાણી , પાણી ની લાઈનો ના ભંગાણ , દબાણ અને રોડ રસ્તા ને લઈ ઉગ્ર રજૂઆત કરી હતી છત્રાલ ની દુધ મંડળી નો મુદ્દો પણ ગ્રામ સભા માં ઉછળ્યો હતો સાથે ગ્રામ જનો એ મનરેગા અને વિકાસ કામો ના ભ્રષ્ટાચાર ના મુદ્દે તલાટી અને હાજર અધિકારી ઓ એ તપાસ ચાલુ છે એમ કહી વાત વાળી દિધા નો આક્ષેપ ગ્રામ સભા માં થયા નુ નાનકડા છત્રાલ માં ચર્ચા ના એરણે છે

### રાજકોટ ખાતે વિજયાદશમી ઉત્સવમાં કાલોલ હવેલીના અભિષેકલાલજીનું સન્માન



**કાલોલ :** રાજકોટ ખાતેવિજયાદશમી ઉત્સવમાં કાલોલ ગોવર્ધનનાથજી હવેલીના ગાદીપતી પૂ. અભિષેકલાલજી નુ સન્માન કરાયુ હતું. વિજયા દશમી ના પાવન અવસરે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા અયોધ્યા નગર વિજયા દશમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું , RSS ના શતાબ્દી વર્ષ ના ઉપલક્ષ મા શસ્ત્ર પુજન, પરેડ એવં સભા નું આયોજન રાખવામા આવ્યું હતું , જેમાં ગોસ્વામી શ્રીઅભિષેકલાલજી મહારાજશ્રી (કાલોલ, મથુરા, રાજકોટ)ને મુખ્ય અતિથી વિશેષ તરિકે પધરાવવામા આવ્યા હતા , પુજ્ય મહારાજશ્રી એ શસ્ત્ર પુજન એવં પોતાના ઉદ્દબોધન દ્વારા સ્વયં સેવકો નો ઉત્સાહ વધાર્યો હતો, સંઘ ના કાર્યવાહક જીતુ ભાઈ ભીંડી ( જુનાગઢ ) દ્વારા પુજ્ય શ્રી નું સન્નમાન કરવામાં આવ્યું હતું .

**ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજનમાં પોત પોતાની કુળની દેવીને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા**

# સાવલી-ડેસર ગ્રામ્ય ક્ષત્રિય સમાજનું શસ્ત્ર પૂજન

**સંતો-મહંતો** ૧૮ વર્ણનાં આગેવાનો સાવલી ડેસર તાલુકાના સામાજિક અગ્રણીઓ પણ શસ્ત્ર પૂજનમાં જોડાયા



(પ્રતિનિધી) સાવલી, તા.3
સાવલી નગરમાં આવેલા ભાટિયા મેદાન ખાતે વિજયાદશમી નાં પાવન પર્વ નિમિતે મોડી સાંજે સાવલી ડેસર અને વડોદરા ગ્રામ્ય ક્ષત્રિય સમાજ દ્વારા ભવ્ય શસ્ત્ર પૂજન નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પ્રમુખ સહિત ભાજપ અગ્રણીઓએ હાજરી આપી હતી.

સાવલી ડેસર તાલુકા અને વડોદરા ગ્રામ્ય આયોજિત ભવ્ય શસ્ત્ર પૂજન કાર્યક્રમ સાવલીના ભાટિયા મેદાન ખાતે યોજાયો હતો જેમાં મોટી સંખ્યા માં ક્ષત્રિય સમાજના આગેવાનો મોટી સંખ્યામાં શસ્ત્ર પૂજન ભાટિયા ગ્રાઉન્ડ ખાતે હાજર રહ્યા હતા આ શસ્ત્ર પૂજન કાર્યક્રમ માં ધારા સભ્ય કેતન ઈનામદાર, જિલ્લા ભાજપ પ્રમુખ રસિક પ્રજાપતિ જિલ્લા પંચાયત પ્રમુખ ,કરજણ ધારા સભ્ય અક્ષય પટેલ સહિત ના રાજકીય અગ્રણી ઓ ની હાજરી માં આ કાર્યક્રમ યોજાયો હતો અને ક્ષત્રિય આગેવાનો એ સૌને કેસરી સાફો પહેરાવી સ્વાગત કર્યું હતું જેમાં સૌ પ્રથમ મહારાણા પ્રતાપ ની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને પુષ્પાંજલિ કર્યા બાદ રેલી સ્વરૂપે મેદાનમાં પહોંચીને શસ્ત્ર પૂજન ની શરૂઆત કરી હતી આ પ્રસંગે ધાર્મિક મંત્રોચ્ચાર સાથે પૂરી વિધિવિધાન થી શસ્ત્ર પૂજન ની વિધિ કરવામાં આવી હતી અને જગતજનની મા અંબા અને માં ભવાનીની સ્તુતિ કરવામાં આવી હતી અને આ વેળાએ ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજન માં પોત પોતાની કુળ ની દેવી ને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા આ પ્રસંગે મોટી સંખ્યા માં સંતો મહંતો ૧૮ વર્ણ નાં આગેવાનો સાવલી ડેસર તાલુકા ના સામાજિક અગ્રણીઓ પણ શસ્ત્ર પૂજનનાં મહોત્સવ માં ઉપસ્થિત રહ્યા હતા આમ દિવસભર તાલુકાના વિવિધ ક્ષત્રિય સંગઠનો શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં વ્યસ્ત રહ્યા હતા.

# સાવલીમાં દશેરા પર્વ નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના 100 વર્ષ પૂર્ણ થતા ભવ્ય ઉજવણી



(પ્રતિનિધી) સાવલી, તા.3
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દેશભરમાં શતાબ્દીવર્ષ વિજયાદશમી ઉત્સવની ઉજવણી ચાલી રહી છે જેના ભાગરૂપ સાવલી વિસ્તારના સાવલી ખાતે પોઈચા ચોકડી ખાતે યોજાયો હતો જેમાં શતાબ્દી વર્ષ વિજયાદશમી ઉત્સવની ઉજવણી કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે બીએપીએસ ના સંત અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. આ શતાબ્દી વર્ષ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર્યાવરણ, કુટુંબ પ્રબોધન , સમરસતા , સ્વયં બોધ અને નાગરિક કર્તવ્ય એમ પાંચ વિષયો ઉપર કેન્દ્રિત થઈને કાર્ય કરી ને જનજાગૃતિ ફેલાવનાર છે સાથે સાથે આ શતાબ્દી વર્ષ દરમ્યાન વ્યાપક ગૃહ સંપર્ક અભિયાન, એક લાખથી વધુ ભારતમાં હિન્દુ સંમેલન યોજવા ,સમાજના પ્રબુધ્ધ નાગરિકો સાથે સદભાવના બેઠકો ,યુવા સંમેલનો અને વર્ષમાં અંતે મહત્તમ સ્થાન પર શાખા ના આવા સાત કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી તથા પંચ પરિવર્તનથી સમાજ પરિવર્તનના વિવિધ મુદ્દાઓ પર છણાવટ કરવામાં આવી હતી આજ નાં કાર્યક્રમ માં મોટી સંખ્યા માં સ્વયંસેવકો યુનિફોર્મ માં સજ થઈ શિસ્તબદ્ધ રીતે જોડાયા હતા આર.એસ.એસ શાખા ને ૧૯૨૫ માં શરૂ કરવામાં આવી હતી અને આજે ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી મહોત્સવ સમગ્ર દેશ અને રાજ્ય માં ઉજવણી થઈ રહી છે સંઘ નો મુખ્ય હેતુ દેશહિત માં વધુ ન વધુ કાર્ય કરવું અને ભારત ને એક રાષ્ટ્ર શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવાનો દ્રઢ નિર્ણય અને એ દિશા માં કાર્ય કરવાનો છે.આ પ્રસંગે ગુજરાત પ્રાંત સહસેવા પ્રમુખ મનસુખભાઈ પટેલ ,રાજુભાઇ ગઢવી વડોદરા જિલ્લા સહ કાર્યવાહ અને તાલુકા સહ કાર્યવાહ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**ચડીયા ગામની મહિલાઓ ગ્રામસભામાં પાણીની રજૂઆત માટે આવી હતી**

# નસવાડી તાલુકાના પંખાડા (ખી) ગામે ગ્રામસભામાં ગ્રામજનોનો હોબાળો

**ગ્રાન્ટ** અલગ અલગ યોજનામાં ક્યાં વાપરવામાં આવી?



(પ્રતિનિધી) નસવાડી, તા.3
નસવાડી તાલુકાની પંખાડા ખી જૂથ ગ્રામ પંચાયત માં ખીચડીયા પંખાડા બોરવાણી અને કાડકોચ આમ ચાર ગામો આવેલા છે ત્યારે તારીખ 2/10/2025 ના રોજ ગ્રામસભા યોજવામાં આવી જેમાં પંખાડા અને ખીચડીયા ગામના ગ્રામજનો વિરોધ કર્યો હતો જેમાં પંખાડાના ગ્રામજનોએ ગ્રામ પંચાયતમાં આવેલી ગ્રાન્ટ અલગ અલગ યોજનામાં ક્યાં વાપરવામાં આવી ક્યાં ખર્ચ કરવામાં આવ્યો તેનો હિસાબ માંગતા સરપંચ અને તલાટી પાસે હિસાબના મળતા ગ્રામજનોએ હોબાળો મચાવ્યો હતો જ્યારે ખીચડીયા ગામની મહિલાઓ ગ્રામસભામાં પાણીની રજૂઆત માટે આવી હતી પરંતુ તેઓની રજૂઆત સાંભળવાની જગ્યાએ ગ્રામસભા પૂરી કરીદેવાતા મહિલાઓ પણ રોષે ભરાઈ હતી.

### ગ્રામજનોને હિસાબ આપ્યો ન હતો

અધિકારીઓ ગ્રામસભામાં આવ્યા હતા અમે હિસાબ માંગતા તલાટી અને સરપંચ ગ્રામજનોને હિસાબ આપ્યો ના હતો અને હિસાબ તૈયાર નથી પછી આપીશું તેવું કહેતા લોકો માં રોષ વ્યાપ્યો હતો અને હોબાળો મચાવતા તલાટી અને સરપંચ ગ્રામસભા અધૂરી મૂકીને જતા રહ્યા હતા. જ્યારે ખીચડીયા ગામની મહિલાઓ પણ રજૂઆત કરવા આવી હતી.-**પ્રવીણ એસ રાઠવા, ગ્રામજન**

**નસવાડી તાલુકામાં બ્લેક પથ્થર કોરીના એન્વાયરમેન્ટ સર્ટીફિકેટ બે માસથી બંધ**

# 7 કોરી નસવાડી તાલુકાની બંધ થતા ડામર રસ્તાના કામો બંધ થવાના આરે

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.3
છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકામાં બ્લેક પથ્થર ની કોરીઓ આવેલી છે અને કપચી ગ્રીટ તેમજ મેટલ ડામર ના રસ્તા બનાવવામાં ઉપયોગ માં છોટાઉદેપુર જિલ્લામાં પુરા પાડે છે સરકાર સર્ટીફિકેટ આપવા માટે અલગ અલગ નિયમો લાદતા કોરી માલિકો હેરાન પરેશાન 200 કરોડ ના વિકાસ ના કામો ઠપ્પ થવાના આરે

કોન્ટ્રાકટરો અને મજૂરો ની દિવાળી બગડે તેમ છે 200 કરોડ ના કામો થંભી જતા આની અસર બજારો માં પડી રહી છે અને વેપાર ધંધા કરતા અન્ય બજારો ના વેપારીઓને પણ મજૂરી કામ ના ચાલતા ધંધા માં અસર પડી રહી છે આવી જ રીતના છોટાઉદેપુર ખાતે ડોલોમાઈટ ઉદ્યોગ ના સફેદ પથ્થર ની ખાણો ના એન્વાયરમેન્ટ સર્ટીફિકેટ બંધ કરી દેવાતા 100 જેટલી ખાણો હાલ બંધ થતા 10 હજાર મજૂરો બેકાર બન્યા છે છોટાઉદેપુર જિલ્લાના નેતાઓ મુખ્યમંત્રી ને રજુઆત કરી આવ્યા હોવા છતાંય ખનીજ વિભાગ ના અધિકારીઓ જક્કી વલણ રાખીને કોરી માલિકો ને હેરાન કરી રહ્યા છે છોટાઉદેપુર જિલ્લાના 6 તાલુકામાં રોજગારી માટે કોઈ સુવિધા નથી ત્યારે સરકારે આદિવાસી વિસ્તાર માટે આવા કડક નિયમો થી નુકશાન થતું હોય ત્યારે વિચારવું જોઈએ અને પ્રજા ના હિત માટે નિર્ણયો બનાવતા પહેલા લોકો નું શું નુકશાન થશે તેનું ધ્યાન રાખવું જોઈએ

### વિકાસના કામો થંભી જતા નુકસાન થશે

નસવાડીની 7 જેટલી બ્લેક પથ્થરની કોરીઓ તેમજ છોટાઉદેપુરની સફેદ પથ્થરની કોરીઓ બંધ રહેતા સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટીનું નુકશાન છે જેને લઈને વિકાસ ના કામો થંભી જતા સરકારને જીએસટીની આવકમાં પણ નુકશાન થશે. કોન્ટ્રાકટરો સિમેન્ટ વાપરે તેનો 18 ટકા જીએસટી ડામર વાપરે તેનો 18 ટકા જીએસટી મળે છે જયારે 5 ટકા જીએસટી બ્લેક પથ્થરમાંથી મળે છે તેનું ભારે નુકશાન થાય છે.

**સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નામે દાહોદ શહેરમાં સમસ્યાઓ સતત વધી**

# દાહોદ શહેરમાં રેલ્વે અંડરબ્રિજ 13 દિવસ બંધ, લોકનો રોષ ચરમસીમાએ



(પ્રતિનિધી) દાહોદ તા 3
દાહોદ શહેરના ચાકલિયા રોડ પર આવેલ રેલ્વે અંડરબ્રિજને રેલ્વે વિભાગ દ્વારા શેડ નાખવાના કામના બહાને તા.3 થી 15 ઓક્ટોબર સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. દિવાળીના તહેવાર પૂર્વે લેવાયેલા આ અચાનક નિર્ણયથી હજારો વાહનચાલકો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંડરબ્રિજ બંધ થતા ગોદી રોડ વિસ્તારના રહેવાસીઓ તેમજ મેઘા GIDC તરફથી આવતા ભારે વાહનોને વિકલ્પરૂપે એકમાત્ર ઓવરબ્રિજ પરથી પસાર થવું પડે છે. જેના કારણે સ્ટેશન રોડ, ગોદી રોડ સહિત શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ, લાંબી વાહન કતારો અને અફરાતફરી સર્જાઈ છે. સમય અને ઈંધણનો વ્યય થતા સ્થાનિકોમાં તીવ્ર રોષ વ્યાપ્યો છે. રહેવાસીઓનું કહેવું છે કે, દિવાળીની પૂર્વસંધ્યાએ આવો નિર્ણય રેલ્વે વિભાગની બેદરકારી દર્શાવે છે. ખાસ કરીને તહેવાર દરમિયાન આસપાસના ગામડાઓમાંથી ખરીદી કરવા આવતા હજારો લોકો માટે આ પરિસ્થિતિ ભારે મુશ્કેલી ઉભી કરે છે. સ્થાનિક રહીશ ડાહ્યાભાઈ પટેલે કડક શબ્દોમાં માંગ કરી છે કે, "રેલ્વે વિભાગે આ કામગીરીને તાત્કાલિક સ્થગિત કરી દિવાળી પછી જ શરૂ કરવી જોઈએ." સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નામે દાહોદ શહેરમાં ટ્રાફિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સમસ્યાઓ સતત વધી રહી છે. છતાં રેલ્વે તંત્ર તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો નથી, જેના કારણે નાગરિકોમાં અસંતોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

**કપાસ પિલાણ માટેના ટેન્ડરો ના ભરીને સીસીઆઇ અને જીન માલિકોની લડાઈમાં ખેડૂતોનો થશે મરો**

# જીન માલિકોએ સીસીઆઈ સામે મોરચો માંડ્યો

**છોટાઉદેપુર** જિલ્લાના 25 જેટલા જીન માલિકો અને સીસીઆઈ વચ્ચે મતભેદ

(પ્રતિનિધી) નસવાડી, તા.3
છોટાઉદેપુર જિલ્લાના નસવાડી બોડેલી સંખેડા પાવીજેતપુર તાલુકામાં કપાસ ખરીદવાની જીનો આવેલી છે સીસીઆઈ જોડે કપાસ પીલાણ માટે એગ્રીમેન્ટ કરવા માટે ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ 30/9/2025 હતી અને આ તારીખ માં ટેન્ડર ભરવાના હતા પરંતુ મધ્યગુજરાત જીન એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવ્યું કે સીસીઆઇ દ્વારા જે શરતો કપાસ પીલાણ માં મુકવામાં આવેલી છે તે શરતો નિયમો ની વિરુદ્ધ છે કપાસ ની ખરીદી સીસીઆઇ કરે છે અને કપાસ ની ક્વોલીટી અધિકારીઓને જોવાની હોય છે પરંતુ સીસીઆઈ દ્વારા ટેન્ડર ની શરત માં સીસીઆઈ દ્વારા ખરીદેલ કપાસ ના ઉતારા માં ઘટ આવે તો તેની જવાબદારી જીન માલિકો ના માથે નાખવામાં આવી હતી તેને લઈને જીન માલિકો રોષે ભરાયા છે હાલ તો સીસીઆઈ ના અધિકારીઓ અને જીન એસોસિએશન આમને સામને આવી જતા ટેન્ડર ના ભરી ને જીન માલિકો એ સીસીઆઈ ના અધિકારીઓ સામે મોરચો માંડ્યો છે આ બે ની લડાઈ માં ખેડૂતો તો મરો થવાનો છે કારણ કે દિવાળી ને ગણતરી ના દિવસો રહ્યા છે જયારે ખેડૂતો ને કપાસ વેચવા માટે ખાનગી વેપારીઓનો સહારો લેવો પડશે ખાનગી બજાર માં કપાસ ના ભાવ ઓછા મળે અને સીસીઆઈ દ્વારા ટેકા ના ભાવ થી કપાસ ની ખરીદી કરે છે ત્યારે ખાનગી વેપારીઓ ઓછા ભાવે કપાસ ખેડૂતો પાસે પડાવી લે છે છોટાઉદેપુર જિલ્લાના નસવાડી બોડેલી અને સંખેડા માં કપાસની ખેતી સૌથી વધુ થાય છે કપાસ ખરીદવાની જીનો પણ આ ત્રણ તાલુકામાં વધારે છે ત્યારે સીસીઆઈ અને જીન માલિકોની લડાઈમાં ખેડૂતોને નુકશાન થશે.

### વિવાદ ઉકેલવાનો પ્રયત્ન કરીશું

છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાના જીન માલિકો એ કપાસ પીલાણ માટે એગ્રીમેન્ટ માટેના ટેન્ડર ભર્યા નથી. રાજ્યમાં અન્ય જગ્યાઓ ઉપર જીન માલિકો એ ટેન્ડર ભર્યા છે ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં થોડા દિવસોમાં જીન માલિકો સાથે વિવાદ ઉકેલવાનો પ્રયત્ન કરીશું **-પ્રશાંત કહાર , સીસીઆઇ અધિકારી છોટાઉદેપુર**

### ખેડૂતોને નુકશાન થશે, સરકારે આ બાબતે વિચારવું જોઈએ

મધ્ય ગુજરાત ના જીન માલિકો એ સીસીઆઇ સાથે એગ્રીમેન્ટ કરવા માટે નું ટેન્ડર ભર્યું નથી જેની પાછળ સીસીઆઇ ગત વર્ષે જે નિયમો હતા તેમાં ફેરફાર કરીને જીન માલિકોના માથે કપાસના ઉતારા ઓછા આવે તો જિન માલિકોના માથે નાખવાનો નિયમ બનાવ્યો છે કપાસ ખરીદવા માટે સીસીઆઇના અધિકારીઓની જવાબદારી છે જીન માલિકોને કપાસ પીલાણનું કામ કરવાની છે જયારે કપાસ પીલાણ બાદ રૂ ના ઉતારા કેટલા આવે છે તે અધિકારીઓને જોવાનું છે સરકારે સીસીઆઇના ભાવ 8110 મુક્યા છે ત્યારે બજારોમાં કપાસના ભાવ ઓછા છે. ખાનગી વેપારીઓ ખેડૂતો પાસે ઓછા ભાવે કપાસ ખરીદી કરશે. તેનાથી ખેડૂતોને નુકશાન થશે સરકારે આ બાબતે વિચારવું જોઈએ **-અંજકુમાર એસ શાહ,મધ્ય ગુજરાત જીન એસોસિએશન પ્રમુખ**